# આજથી ગરીબ કલ્યાણ મેળાના પાંચમા તબક્કાનો પ્રારંભ

## મુખ્યમંત્રી વિડીયો કોન્ફરન્સથી એક સાથે ૨૪ ગરીબ કલ્યાણ મેળાને સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ, શુક્રવાર તા. ૧૭ઓગષ્ટ-૨૦૧૨થી શરૂ થઈ રહેલા ગરીબ ગલ્યાણ મેળાના પાંચમા રાઉન્ડમાં રાજ્યના બાવન જેટલા તાલુકાના પ્રાન્ત કક્ષાના ૨૪ ગરીબ કલ્યાણ મેળાઓમાં વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે.

ગુજરાતમાં આ અગાઉ ચાર તબક્કામાં ૮૬૯ ગરીબ કલ્યાણ મેળા યોજાયેલા જેમાં ૭૬ લાખથી વધારે ગરીબ લાભાર્થીઓને ૧૦હજાર કરોડ રૂપિયાના સરકારી સાધન-સહાયના લાભો આપવામાં આવ્યા છે. આવતીકાલ તા. ૧૭-૮-૨૦૧૨ના રોજ યોજાનારા પાંચમા ગરીબ કલ્યાણ મેળાના પ્રથમ તબક્કામાં ૭૨ હજાર જેટલા લાભાર્થીઓને એકજ દિવસે રૂ. ૨૧૫ કરોડના લાભોનું હાથોહાથ મંત્રીશ્રીઓના હસ્તે વિતરણ થશે.

રાજ્યમાં આજથી ત્રણ દિવસ માટે વણથંભી વિકાસયાત્રા પણ શરૂ થઈ ગઈ છે જેમાં, ૧૦ જિલ્લાઓના ૬૪ તાલુકામાં આવેલી ૯૧૦ તાલુકા પંચાયત બેઠકો ઉપર આ વણથંભી વિકાસયાત્રાના કાર્યક્રમોમાં મંત્રીશ્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહીને ગ્રામ વિકાસના રૂ. ૫૨૫ કરોડના ખર્ચના ૮૧૮૪ કામોના ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરશે. સાથોસાથ પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિ વર્ષમાં આ વર્ષે, પહેલીવાર ગુજરાતના ઈતિહાસમાં આ સરકારે ૫૦ વર્ષ દરમ્યાન ૧૮૩૯૨ જેટલા પૂર્વપંચાયત પ્રતિનિધિઓ તરીકે જેમણે કોઈને કોઈ યોગદાન આપ્યું છે તેમનું સન્માન કરાશે અને Empower યોજનામાં કોમ્પ્યુટરની તાલિમ લેનારા ૫૦૦૦ થી વધારે સફળ યુવા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર પણ એનાયત કરાશે.

## સિ.સિ.કા. મહિલા પાંખની બેઠકની તારીખમાં ફેરબદલી

ગાંધીનગર, તા. ૧૬

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર મહિલા પાંખની ઓગષ્ટ-૧૨ની બેઠક તા. ૨૦મી ઓગષ્ટના રોજ નમન એપાર્ટમેન્ટ સેક્ટર-૨૧ મુકામે બપોરે ૩ કલાકે રાખવામાં આવી હતી. તેના બદલે મહિલા પાંખની બેઠક ૨૨મી ઓગષ્ટ-૨૦૧૨ને બુધવારે બપોરે ૩ કલાકે અંધશાળા, સેક્ટર-૧૬, શોપીંગ સેન્ટર પાછળ રાખવામાં આવી છે. આ પ્રસંગે અંધશાળાના બાળકોની દેશભક્તિ ગીતોની સ્પર્ધા પણ યોજાશે. સિનિયર સિટિઝન્સ મહિલા પાંખની બહેનોને સમયસર હાજર રહેલા મહિલા કન્વીનર મીનાબેન શાહે જણાવ્યું છે.

(તસવીર : દિપક જાની)





સ્વાતંત્ર્ય દિન-૧૫મી ઓગષ્ટના રાષ્ટ્રીય પર્વે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રાજભવન ખાતે ધ્વજવંદન કર્યું હતું. રાજ્યપાલશ્રી ધ્વજવંદન બાદ રાજભવનના પ્રાંગણમાં શાળાના બાળકોને મળ્યા હતા અને ત્યારબાદ વૃક્ષારોપણ કર્યું હતું. ડૉ. શ્રીમતી કમલાજીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ભાવભરી પુષ્પાંજલિ અર્પી હતી. આ પ્રસંગે ભારતીય સેનાના ઉચ્ચાધિકારીઓ, અગ્રણી નાગરિકો, રાજભવનના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ રાજભવન પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વૈષ્ણવ બહેનોની સુશોભન હરિફાઈ ૧ સપ્ટેમ્બરે યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતર રાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગરના સહયોગથી તા. ૧ સપ્ટેમ્બરના રોજ હવેલી મંદિર સેકટર-૨૧માં વૈષ્ણવ બહેનો માટે આરતી સુશોભન હરિફાઈ રાખવામાં આવેલ છે. તા. ૨૯મી સુધીમાં ફોર્મ ભરવાના રહેશે. એફ.શાહ પ્રમુખ ગાંધીનગર વૈષ્ણવ સમાજે જણાવેલ છે.

## સ્વાતત્ર્ય દિન પર્વે રાજભવનમાં સ્નેહ સંમેલન યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ભારતના સ્વાતંત્ર્ય દિન-૧૫મી ઓગષ્ટના રોજ ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની અધ્યક્ષતામાં રાજભવનમાં સાંજે સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં એક પણ વિસ્તાર જળપ્લાવિત જાહેર કરાયો નથી

## આમ છતાં ચારથી વધુ વિસ્તારને વેટલેન્ડ માનવામાં આવે છે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં આમ તો એક પણ વિસ્તાર જળ પ્લાવિત જાહેર થયો નથી. આમ છતાં જિલ્લામાં અંદાજે ૬ જેટલા સ્થળોને 'વેટલેન્ડ' માનવામાં આવે છે. અલબત્ત પાણી કાંઠા સમાન આ વિસ્તારમાં યાયાવર પક્ષીઓના ટોળા ઉતરી આવે છે.

કુદરતી અને માનવસર્જિત તેમ બે પ્રકારના જળપ્લાવિત પૈકી જિલ્લામાં મહદ અંશે કુદરતી વેટલેન્ડ હોવાનું ધ્યાને આવ્યું છે. તેમાંય લવારપુર, દહેગામ અને કલોલમાં સ્થિત તળાવ કુદરતી રીતે સમૃદ્ધ હતું. પરંતુ હવે ભૂમાફિયાઓના લીધે આ સ્થળો તળાવની વ્યાખ્યામાંથી બાકાત થવા તરફ છે. સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ તમામ જળપ્લાવિત વિસ્તાર તેમજ તળાવોને પુરતા પ્રમાણમાં સંરક્ષિત કરવા જોઈએ જો કે બંધારણમાં આ બાબતે ૫૩ (ક) પ્રમાણે પણ કુદરતી સંશાધનોને બક્ષવા માનવસર્જિત પ્રવૃત્તિ ન કરવા નિર્દેશ કરાયો છે. વર્તમાન સમયમાં દબાણનું પ્રમાણ વધ્યું હોવાથી સમગ્ર ઈકો સિસ્ટમમાં દખલગીરી ઉભી થઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. જિલ્લામાં નાના-મોટા ખાબોચિયા અને નાળા સમાન ૨૧ જેટલા વિસ્તારો નોંધાયેલા હોવાનો અંદાજ છે. રાજયમાં જળપ્લાવિત વિસ્તારોની વાત કરીએ તો સૂત્રોના જણાવ્યા મુજબ જાહેર કરાયેલા જળપ્લાવિત વિસ્તારોનો બે આંકડામાં સમાવેશ થાય છે. જો કે નળસરોવર જળપ્લાવિત હોવા છતાં આ વિસ્તારને હજી પણ રામસર યોજના હેઠળ આવરી લેવાયું નથી. ગાંધીનગર જિલ્લામાં તળાવકાંઠા વિસ્તારમાં નાની જીવાતોથી લઈ સરીસૃપો ઉપરાંત યાયાવર પક્ષીઓ ઉતરી આવે છે. તળાવોમાં નવા પાણીની આવક હજી પુરતા પ્રમાણમાં થઈ નથી. ત્યારે આવનારા દિવસોમાં યાયાવર અહીં આવશે કે કેમ તે બાબતે પણ પ્રશ્ન છે.

## સચિવાલય જીમખાનાની વાર્ષિક સામાન્ય સભા ૨૬મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સચિવાલય જીમખાના સેક્ટર-૨૧ના માનદ મંત્રી એચ.ડી. સેઈલરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સચિવાલય જીમખાના સેક્ટર-૨૧ની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬મી ઓગષ્ટ-૨૦૧૨ને રવિવારે સવારે ૧૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષના હિસાબો તથા અન્ય કામો હાથ ધરવામાં આવશે. જીમખાનાના જે સભ્યોએ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રથમ, દ્વિતીય કે તૃતીય ક્રમે રહીને સિદ્ધિ મેળવી હોયતેવા તથા જન્મદિન હોય તેવા જીમખાનાના સભ્યોનું અભિવાદન પણ કરવામાં આવશે. આવા સભ્યોએ તેમની સિદ્ધિની વિગતો ૨૨મી ઓગષ્ટ-૨૦૧૨ સુધીમાં જીમખાનાની મેનેજરને અથવા મો. નં. ૯૮૯૮૦૮૬૨૮૦ ઉપર આપવા જણાવ્યું છે.

## ગાંધીનગરમાં ૧૮મીથી શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

મનુષ્યનું પ્રથમ કર્તવ્ય સાચું જ્ઞાન મેળવવાનું અને બીજું લોકકલ્યાણનું છે. મનુષ્ય સાચા અર્થમાં મનુષ્ય બને એ આજના કળિયુગમાં જરુરી છે. આજના કળિયુગમાં માનવ પોતાની ફરજ ભૂલી ગયો છે. દારૂ, તમાકુ, જુગાર જેવા દૂષણોથી તે ઘેરાઈ ગયો છે. જો તેને સાચા અર્થમાં આપણી સંસ્કૃતિનું આપણા ધર્મનું જ્ઞાન મળે તો તે સાચા માર્ગે વળી શકે અને સમાજનું કલ્યાણ થઈ શકે તે માટે ગાંધીનગરમાં શિવશકિત મંદિર, છ-ટાઈપ, સેકટર-૨૩ ખાતે તા. ૧૮ ઓગષ્ટથી ૨૨ ઓગષ્ટ દરમિયાન શ્રીમદ પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કર્યું છે.

આ સમાજ ઉત્થાન માટે ગાયત્રી પરિવાર સતત પ્રયત્ન કરતો રહે છે. પ.પૂ. ગુરૂદેવ શ્રી રામશર્મા આચાર્યજી તથા પરમ વંદનીય માતાજીની સૂક્ષ્મ અને કારણ સત્તાના સાંનિધ્યમાં વિશ્વ કલ્યાણ હેતુ ગાંધીનગરમાં પ્રજ્ઞા પુરાણકથાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાયત્રી મંત્ર એ સૌથી પ્રાચીન મંત્ર છે. આ મંત્રની જાણકારી તેમજ તેનો અર્થ અને તેની ઉત્પત્તિ વિગેરે વિશે વિસ્તારથી જાણકારી આ પ્રજ્ઞાપુરાણમાં ભાવિકોને મળી રહેશે. આ પ્રજ્ઞાપુરાણની વિશેષતા એ છે કે તેનું આયોજન બહેનોએ કર્યું છે. માઈભકત પૂ. ભાવનાબહેન ગોકલાણીબહેનના આનંદના ગરબાની પરિવારની બહેનો અને સેકટર-૨૩ના શિવશકિત મંદિરના ભકતોએ સાથે મળીને આ આયોજન કર્યું છે. ભાવનાબહેનના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પુરાણના વકતા પણ એક બહેન જ છે. તેમનું નામ પ્રજ્ઞા પુત્રી શ્રી પ્રફુલાબેન ઠક્કર છે. તેમની અમૃત વાણીનો લાભ લેવા સૌને ભાવભર્યું આમંત્રણ છે.

## 'પેન્શનર મીટ' સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, મેઈન શાખા, ગાંધીનગર મુકામે યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, મેઈન શાખા, ગાંધીનગર દ્વારા તા. ૧૮મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ શનિવારે બપોરે ૨.૩૦ કલાકે, પહેલા માળે આવેલ હોલમાં 'પેન્શનર મીટ'નું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં પેન્શનર મિત્રોને બેન્કીંગ વ્યવહારમાં પડતી મુશ્કેલી તથા તેના નિવારણ માટેના પગલા અંગે ચર્ચા વિચારણા થશે તો સંસ્થાના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, સેકટર પ્રતિનિધિઓ તથા પેન્શનર મિત્રોને આ કાર્યક્રમમાં અવશ્ય હાજર રહેવા પ્રમુખ એસ.ડી.આર. મલિકે જણાવ્યું છે.

પેન્શનર મીટમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અમદાવાદના જનરલ મેનેજર ઉપરાંત ગાંધીનગર મુખ્ય શાળાના આસિસ્ટન્ટ જનરલ મેનેજર, ચીફ મેનેજર તેમજ બીજા અધિકારીઓ પણ હાજર રહેનાર હોઈ બેંક અંગે પડતી મુશ્કેલીઓમાંની ચર્ચા કરી શકાશે તો મોટી સંખ્યામાં પેન્શનર મિત્રો હાજર રહે તેમ જણાવવામાં આવે છે.

## ડેક્કન શટલ્સ ગુજરાતમાં એર કનેક્ટીવીટી શરૂ કરાશે

ભારતમાં એવીયેશનની પ્રણેતા કંપની ડેક્કન ચાર્ટર્સ લિ. દ્વારા ગુજરાતમાં ડેક્કન શટલ્સ બ્રાન્ડ નામ હેઠળ તેની નોન શિડ્યુલ ચાર્ટર્ડ ફ્લાઈટ સેવાઓ શરૂ કરી રહી છે. આ સેવાઓ ગુજરાતનાં અગત્યનાં આર્થિક ઝોન્સ જેમકે અમદાવાદ, સુરત, જામનગર, ભાવનગર અને કંડલાને દૈનિક ૧૨ ફ્લાઈટ્સ દ્વારા સાંકળશે. તા. ૨૦ ઓગષ્ટ, ૨૦૧૨થી આ સેવાઓ આરંભ થઈ રહ્યો છે, જે અમદાવાદ, સુરત, ભાવનગર રૂટને આવરી લેશે. તા. ૨૭ ઓગષ્ટથી અમદાવાદ-કંડલા રૂટ અને ત્યારબાદ અમદાવાદ-જામનગર રૂટનો આરંભ થશે. આ સેવાઓ દ્વારા ડેક્કન ટુરિસ્ટ, ઈન્ડસ્ટ્રીયલ અને અન્ય અગત્યનાં કલ્સ્ટર્સને સાંકળી લેશે. આ અંગેની વધુ વિગતો www.deccanshuttle.com પરથી મળી શકશે.

## શબ્દાવલી - ૪૮૧૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ■ |
| | ■ | ૫ | | ■ | ૬ | ૭ | ■ |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | | | ■ | |
| ■ | ૧૪ | ૧૫ | | | ■ | ૧૬ | |
| ૧૭ | | | | ■ | ૧૮ | | ■ |
| | ■ | | ■ | ■ | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |

**આડી ચાવી**

૧. કામમાં લેવું, ...માં લેવું (૪)
૫. ન્યાયાધીશ (૨)
૬. માહિતી હોવી, ... હોવું (૨)
૮. વન, જંગલ (૩)
૧૦. વિરોધી, ઉલ્ટું (૪)
૧૨. નકામું (૨)
૧૩. સુમશાન, વગડાઉ (૩)
૧૪. ઉતાવળમાં થતી ગભરામણ (૪)
૧૬. ચિઠ્ઠી, પત્ર (૨)
૧૭. વહેંચણી કરવી તે (૪)
૧૮. ધરતી, પૃથ્વી (૨)
૧૯. નાના નાના પીળા ફળ (૩)
૨૦. પૂર્વની સામેની દિશા (૩)
૨૧. હેતુ, ઉદ્દેશ (૩)

**ઊભી ચાવી**

૧. અહેસાન (૪)
૨. જોજન, અંતર (૩)
૩. હાથી (૨)
૪. જાહેરાત (૪)
૭. ... આંખે દેખાય તેવું (૨)
૯. ધૃણા (૪)
૧૦. મહાકાય, મોટું (૩)
૧૧. કાચ-પત્થર કે ધાતુની ચાર ખૂણાવાણી ચકતી (૩)
૧૩. સમધન, પુત્ર કે પુત્રની સાસુ (૩)
૧૫. ગૃહકાર્ય (૪)
૧૬. કંટાળો ઉપજાવે તેવું લાંબુ વિવેચન (૪)
૧૭. રૂદન, રડવું તે (૩)
૧૮. ધરાહાર, પરાણે (૩)

### શબ્દાવલી ૪૮૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) તરખાટ (૪) ખારવો (૬) રખ (૭) નજાકત (૯) ફરજ (૧૧) વાડી (૧૨) તપકીર (૧૩) રીટન (૧૫) જુઆ (૧૬) કડકાઈ (૧૮) ઠાકોરજી (૨૦) યોગાનુયોગ

**ઊભી ચાવી :-** (૧) તરફદારી (૨) રબર (૩) ટન (૪) ખાક (૫) રતવા (૮) જાનકી (૧૦) જતન (૧૪) ટપાકો (૧૫) જુઈ (૧૬) કજીયો (૧૭) કાગનું (૧૮) ઠાલો (૧૯) આગ

## યુવાનની હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરજીએ સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી. જેના અંતે સે-૨૧ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી. પટેલની સૂચના મુજબ પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ, હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ છનાજી તેમજ ઘનશ્યામ સિંહે આરોપીની શોધખોળ હાથ ધરી હતી. સે-૨૧ પોલીસની ટીમે આરોપીના કાકાના ઘરે રાજપુર પહોંચી ઓળખકાર્ડના આધારે તપાસનો દૌર આરંભ્યો હતો. ત્યારબાદ બાતમીદારની મદદથી ધોળકા વિસ્તારમાંથી આરોપીને ૨૪ કલાકમાં જ ઝડપી લીધો છે. સે-૨૧ પોલીસ સ્ટેશનના પી.આઈ.એ. આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ડહોળા પાણીની ફરિયાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ કરવો પડે છે. કોઈ પાત્રમાં આ પાણી ભરી રાખીએ તો પણ માટી નીચે બેસતી નથી તેવું ખુબ ડહોળું પાણી અપાતા વસાહતીઓ રોષે ભરાયા છે. ગમે તેટલું ગાળીને પાણી ભરીએ તેમ છતાં પાણી શુધ્ધ થતું નથી. ગાંધીનગરમાં ખુબ ઓછા ઘરોમાં વોટર પ્યોરી ફાયર કે આર.ઓ. પ્લાન્ટ છે. આથી વસાહતીઓને ના છૂટકે આવું પાણી પીવું પડે છે. કેટલાક સેકટરોમાં તો ડહોળા પાણીની સાથે વાસ મારતું પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠી છે. પાણી શુધ્ધ કરવા માટે દેશી પધ્ધતિ ફટકડીનો ઉપયોગ ઘણાં વસાહતીઓ કરતા થઈ ગયા છે.

એક તરફ ગાંધીનગરમાં મેલેરીયાનો પ્રકોપ ફેલાયો છે ત્યારે આવા ડહોળાં પાણીના કારણે પાણી જન્ય રોગચાળો ન ફેલાય તેવી દહેશત વસાહતીઓમાં ફેલાઈ છે. વસાહતીઓએ આ અંગે પાટનગર યોજના વિભાગ અને મ્યુનિસિપલ કાઉન્સિલના હોદ્દેદારોને રજૂઆત પણ કરી છે. ગાંધીનગરમાં ઘણાં વર્ષોથી નર્મદાનું પાણી વિતરણ કરાય છે ત્યારે હમણાં આ સમસ્યા કેમ સર્જાઈ તેના મૂળમાં જવું જરુરી બન્યું છે.

## જથ્થો ગુજરાતને મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોઈલ, વોટર અને કોસ્ટલ એરિયાનો બેઝલાઈન સ્ટડી પૂર્ણ કર્યો છે. આ ઉપરાંત સિસ્મીક ઝોન સહિતના વિવિધ અભ્યાસોને પણ મંજૂરી આપી દેવામાં આવી છે.

ગુજરાતમાં પ્રતિ વર્ષ પ્રતિ વ્યક્તિ ૧૭૦૦ ક્યુબીક મીટર પાણી જોઈએ પરંતું ૯૯૦ ક્યુબીક મીટર પાણી ઉપલબ્ધ છે. રાજ્યમાં પ્રતિ વર્ષ ૩૮૦૦૦ એમસીએમ સરફેસ વોટર પ્રાપ્ય છે જે પૈકી ૨૦૪૮૦ એમસીએમ (૫૪ ટકા) માત્ર નર્મદાનો ડેમ આપે છે. કલ્પસર બનતાં બીજું ૧૦૦૦૦ એમસીએમ (૨૫ ટકા)પાણી ગુજરાતને મળશે. ઉલ્લેખનીય છે કે કલ્પસરના વિવિધ અભ્યાસો પાછળ રાજ્ય સરકારે છેલ્લા ૧૭ વર્ષમાં ૬૦.૭૫ કરોડનો ખર્ચ કરી નાંખ્યો છે.

## સમાચાર ઝલક

- બી.એસ.એન.એલ. મોબાઈલની લેન્ડલાઇન પર કોલ ટ્રાન્સફર સુવિધા મળશે.
- મહેસાણા દૂધસાગર ડેરી હવે  મહિના સુધી બડે નહીં તેવો દૂધના પાઉચ બજારમાં ચુકશો.
- ૨૦૧૬માં બ્રાઝિલ ઓલમ્પિકની તૈયારીઓ શરૂ.
- સામાન્ય દવાઓનાં ભાવ ૨૦૦ થી ૫૦૦ ટકા વધારે, મોંઘી દવાઓ એ બિમાર પડવું પણ મોંઘું કર્યું.
- મુંબઇ વડાપાઉં થયા મોંઘા, રૂા. ૧૫ની પ્લેટ.
- જૂનાગઢમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ત્રિરંગો લહેરાવ્યો, હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા થઇ, જાપાનના મહેમાનો ઉપસ્થિત રહ્યાં, કેટલીય મહત્ત્વની જાહેરાતો થઇ.
- ૨જી ઓકટોબરએ અન્ના ટીમ નવા રાજકીય પક્ષની જાહેરાત કરશે.
- મધ્યપ્રદેશનાં ગુજરાતનાં સિંહના શિકારનો ગંભીર ખતરો.
- રાજકોટમાં પટણી દેરાસરમાં ધોળે દિવસે ૧૦ કિલો ચાંદીની ચોરી.
- તમામ બેંકોને ઝીરો બેલેન્સ બચતખાતા ખોલવા રીઝર્વ બેંકનો આદેશ.
- કેન્દ્રીય કર્મચારીઓની ૫૦ ટકા મોંઘવારી ભથ્થું, મર્જ કરવા વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરી, ડિસેમ્બરમાં હડતાળની ચીમકી.
- નિયમિત ૭ ગ્લાસ પાણી પીવાથી માથાનો દુખાવો દૂર થાય છે.
- દક્ષિણ, મધ્ય, ઉત્તર ગુજરાતમાં સાર્વત્રિક મેઘરાજાની મહેર, જગતનો તાત આનંદમાં સરકારની જવાબદારી હળવી થશે.
- પાકિસ્તાનમાં એરપોર્ટ પર રાત્રે આતંકવાદીઓનો ઘેરો, સામસામે ગોળીબાર.
- વાવોલના કમલેશ મોદી દ્વારા બહુચરાજીમાં બહુચરમાને ૧ કિલોમીટર લાંબી ધજા ચઢાવવામાં આવશે. ૧૦૨૧ મીટર લાંબી ધજા છે. જેને ગ્રીનીશ બુકમાં સ્થાન મળશે.
- સપ્ટેમ્બર કોરોધાકોડ જ જશે, વરસાદની શક્યતા નહિવત, હવામાન ખાતાની આગાહી.
- કેબીનેટમાં નંબર-૨નું સ્થાન સંરક્ષણ મંત્રી એ.કે. એન્ટોનીનું.
- રાજયના કર્મચારીઓનું જૂનાગઢમાં સમાંતર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.
- અંગદાન-પ્રત્યારોપણમાં ભારતમાં રેકોર્ડ ખૂબ કંગાળ, લાંબી પ્રક્રિયાથી મુશ્કેલી.
- પી.એફ. ધારકોને માસિક રૂા. ૧૦૦૦/- નું લઘુત્તમ પેન્શન મળવાની શક્યતા.
- યોગગુરૂ રામદેવ બાબા સામે રૂા. ૩૦૦ કરોડના ટેક્સની ઉઘરાણી.
- હવે એ.ટી.એમ. છેતરી શકાશે નહીં, ૩૧ ઓગષ્ટ પછી બહાર આવેલા પૈસા પાછા નહિ લે.
- મોરબી સાયન્સ કોલેજના ટ્રસ્ટ્રીઓની આચાર્ય પર જોહુકમી ત્રાસ.
- રાજકોટના ૬૭ વર્ષનાં રોશનલાલ ભાલા ફેંકમાં ભાગ લેવાં ચેન્નાઇ જશે.
- ભૂખમરાં અને ગરીબીને સંપૂર્ણપણે દૂર કરી દેવાની જરૂર : રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.
- વડોદરામાં ફતેહપુરમાં પાણીથી પડેલ ગાબડાની ઉચ્ચ કક્ષાએ તપાસનો આદેશ, સિંચાઇ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલની તાત્કાલિક સ્થળ મુલાકાત.
- હુંબલીમાં હિંસા, ગોળીબાર કોંગ્રેસી નેતાનું મોત.

# દહેગામમાં ઉલ્લાસભેર સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

## જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહમાં આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસે ત્રિરંગો લહેરાવી ઉદ્‌બોધન કર્યું હતું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં ૬૬મા સ્વાતંત્ર્ય પર્વની જિલલા કક્ષાની ઉજવણી આજ રોજ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ હાઈસ્કુલની પાછળ દહેગામ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપી હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે મહામૂલી આઝાદી અપાવનાર ગુજરાતના પનોતા પુત્ર મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા અનેક નામી અનામી વીરપુરૂષો તથા મહાપુરૂષોને યાદ કરી તેમને શ્રધ્ધાંજલિ આપી હતી. સમગ્ર જિલ્લાવાસીઓને ૬૬માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવી હતી. મંત્રીશ્રીના હસ્તે દહેગામ તાલુકાના વિકાસ કામો માટે ઈન્ચાર્જ જિલ્લા કલેકટર શ્રી એમ.એ. ગાંધીને રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

## પાણીના મામલે સસ્પેન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યુ છે કે સરકાર પોતેજ ગાંધીનગરને પુરા ફોર્સથી પાણી આપી શકતી નથી અને તે આ ગાળિયો હવે બાળ કોર્પોરેશનને ગળે નાંખવા માંગે છે. અમને વાંધો નથી પરંતુ તે માટેનો ટેકનીકલ સ્ટાફ કે નાણાંકીય સહાયનો કેમ ઉલ્લેખ આ આદેશમાં કરાયો નથી તે હજુ સમજાતુ નથી.

શ્રી પટેલે જણાવ્યુ છે કે પાણીની સાથે ગટર વ્યવસ્થા પણ જોડાયેલી છે. તેને જુદી પાડી રાજકીય કિન્નાખોરીનું ઉદાહરણ માગ પુરતુ છે. તેમણે જણાવ્યું કે કોર્પોરેશન આર્થિક રીતે સક્ષમ નથી તેમજ વહીવટીય અને તકનીકી રીતે પણ સક્ષમ નથી ત્યારે સરકારે આ ઉતાવળીયો નિર્ણય કરી પ્રજાભિમુખ નહિ પણ પ્રજાથી વિમુખ થવાનો નિર્ણય કર્યો છે.